નં. આરટીઆઈ/એકટ-૨૦૦૫/વશી.૭૭/૨૦૨૦
નાયબ કલેકટર, ઓલપાડ પ્રાંત,સુરતની કચેરી,
પ્રથમ માળ,તાલુકા સેવા સદન-ઓલપાડ,
તા.ઓલપાડ, જિ.સુરત.
તારીખ : ૨૪/૦૬/૨૦૨૦

પ્રતિ,
મે. કલેકટર સાહેબ
( પી.આર.ઓ. શાખા)
બી/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.

વિષય : <u>રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ- ૨૦૦૫ **પ્રોએકટીવ ડીસ્કલોઝર( પી.એ.ડી.)** બાબત.</u>

સવિનય સહ ઉપરોકત વિષય અન્વયે સાદર નિવેદન કરવાનું કે, રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ- ૨૦૦૫ થી કલમ- ૪.પ્રકરણ- ૧ થી ૧૮ ની અત્રેની કચેરીને લગતી માહિતી પુસ્તિકા રૂપે આ સાથે તૈયાર કરી સાદર કરેલ છે. જેનો **"પ્રોએકટીવ ડીસ્કલોજર નાગરિક અધિકાર પત્ર"** માં સમાવેશ કરવાનો છે તે કરેલ છે. જે વિદીત થવા વિનંતી છે.

નાયબ કલેકટર,
**ઓલપાડ પ્રાંત, સુરત**

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, મારા વહીવટી કાર્યક્ષેત્ર હેઠળ જાહેર સત્તામંડળ ઓલપાડ પ્રાંત કચેરી દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ ૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો (પ્રોએકટીવ ડીસ્કલોઝર) તૈયાર કરવામાં આવેલ છે. અને તારીખ ૩૦/૦૫/૨૦૨૦ ની સ્થિતિએ, તે અધતન કરવામાં આવેલ છે. જેનું અમારા દ્વારા ઈન્સ્પેકશન કમ ઓડીટ કરવામાં આવ્યું છે. અને જે બાબતે ક્ષતિ જણાય હતી અગર તો અપુરતી વિગતો જણાય હતી તેની પૂર્તતા કરવામાં આવેલ છે.

સ્થળ : ઓલપાડ
તારીખ :૨૪/૦૬/૨૦૨૦

નાયબ કલેકટર,
ઓલપાડ પ્રાંત, સુરત

વર્ષ -૨૦૨૦

માહીતી મેળવવાના અધિકાર

અધિનિયમ - ૨૦૦૫ અંતર્ગત વહીવટી તંત્ર દ્વારા કરવાની થતી કામગીરીની સંક્ષિપ્ત

વિગતો દર્શાવતી પુસ્તિકા

નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ઓલપાડ પ્રાંત, સુરત

પહેલો માળ, તાલુકા સેવા સદન-ઓલપાડ

તા.ઓલપાડ,જિ.સુરત.


ફોન નં. : ૦૨૬૨૧- ૨૨૧૨૪૪

ફેકસ નં. : ૦૨૬૨૧- ૨૨૧૨૪૬

ઈ-મેઈલ : **sdm-olpad-sur@gujarat.gov.in**

ટ્વીટર: **SDM_Olpad**

# અનુક્રમણિકા


| અ.નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૩, ૪ |
| ૨ | સંગઠનોની વિગતો, કાર્યો અને ફરજો | ૫ થી ૧૪ |
| ૩ | અધિકારીની સત્તા અને ફરજો | ૧૫, ૧૬ |
| ૪ | કાર્ય કરવાના નિયમો, વિનિગમો, સુચનાઓ નિયમ સંગ્રહ અને દફતરો | ૧૭ થી ૨૦ |
| ૫ | નીતી ઘડતર નીતિના અમલ સંબંધી જનતાના સભ્યો સાથે સલાહ પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની વ્યવસ્થા હોય તો તેની વિગત. | ૨૧ |
| ૬ | જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યંકિતઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક | ૨૨ |
| ૭ | તેના ભાગ તરીકે રચાયેલી, બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક | ૨૩ |
| ૮ | સરકારી માહીતી અધિકારીઓના નામ, હોદ્દો અને અન્ય સંસ્થાઓનું પત્રક | ૨૪ |
| ૯ | નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્ય પધ્ધતિ | ૨૫,૨૬ |
| ૧૦ | અધિકારીઓ અને કર્મચારીઓની માહીતી | ૨૭ |
| ૧૧ | વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારી/ કર્મચારીઓને મળતુ માસિક મહેનતાણું | ૨૮ |
| ૧૨ | પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર | ૨૯ |
| ૧૩ | સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ | ૩૦ થી ૩૨ |
| ૧૪ | તેણે આપેલ રાહતો, પરમીટ કે અધિકૃત મેળવનારની વિગતો | ૩૩ |
| ૧૫ | કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો | ૩૪ |
| ૧૬ | વીજાણું રૂપે ઉપલબ્ધ માહીતી | ૩૫ |
| ૧૭ | માહીતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્બ સવલતોની વિગતો | ૩૬ |
| ૧૮ | અન્ય ઉપયોગી માહીતી. | ૩૭, ૩૮ |

# પ્રકરણ-૧

**પ્રસ્તાવના :-**

વહીવટી તંત્ર કે જેમાં જાહેર સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે તે લોકશાહી મહત્વનો સ્થંભ છે. આવા જાહેર તંત્રોની કામગીરીમાં પારદર્શીતા લાવવા તથા લોકો વહીવટી તંત્રીની કામગીરીથી તેમજ વહીવટી પ્રક્રીયાથી માહિતગાર થાય અને લોકો પોતાના તંત્રની તમામ પ્રકારની માહિતી મેળવી શકે.ભ્રષ્ટાચારને અંકુશમાં રાખવા અને સરકારો અને તેના વિભાગોને શાસનને જવાબદાર બનાવવા અને એક ખુલ્લાપણાંની ભાવના વિકસવાથી લોકોનો વહીવટી તંત્ર પરત્વે વિશ્વાસ વધે તે માટે સરકારશ્રી કક્ષાએથી એક માળખુ ઉભુ કરવામાં આવેલ છે. આ માળખાને કાયદાકીય સ્વરૂપ આપીને **માહિતી મેળવવાનો કાયદો-૨૦૦૫** તરીકે નામ આપવામાં આવેલ છે. સરકારશ્રીના કોઈપણ ખાતા વિભાગ કે દફતરની તમામ (સરકારશ્રી દ્વારા આ કાયદાની કલમ- ૮/૯ માં કેટલીક સંવેદનશીલ માહિતી નહી આપવાની જે જોગવાઈ કરવામાં આવેલ છે. તે સિવાયની) તમામ માહિતી આ કાયદા હેઠળ લોકોને મેળવવાનો હકક આપવામાં આવેલ છે. આ કાયદા/નિયમોની જોગવાઈ પ્રમાણે લોકો પોતાને જોઈતી માહિતી તે માટે નંકકી કરવામાં આવેલ ફી ભરપાઈ કરીને સંબંધકર્તા વહીવટીતંત્ર પાસેથી મેળવી શકે છે. જે માટે દરેક વહીવટીતંત્ર દ્વારા તેમના વિભાગને લગતી માહિતી માટે જાહેર માહિતી અધિકારી (પી.આઈ.ઓ.)ની નિમણુંક કરવામાં આવેલ છે.. આ પી.આઈ.ઓ. તેમના હસ્તકના વિભાગોની જે માહિતી લોકો દ્વારા માંગવામાં આવે તે પૂરી પાડવા/ જરૂર જણાયે કાયદાની મર્યાદામાં ઈન્કાર કરી શકે છે. આ ઈન્કારથી નારાજ વ્યકિત જે તે વિભાગના આ માટેના નિમાયેલ અપીલ અધિકારી પાસે અપીલ રાહે દાદ માંગી શકે છે. નાયબ કલેકટર, ઓલપાડ પ્રાંત, સુરતના કાર્યક્ષેત્ર ડિવીઝનમાં ઓલપાડ અને ચોર્યાસી તાલુકાનો સમાવેશ થાય છે. તેમાં જે તે તાલુકાનાં મામલતદારશ્રી પાસેથી મેળવવાની માહીતી પુરી પાડવામાં ઈન્કાર કરવામાં આવે તો નાયબ કલેકટર, ઓલપાડ પ્રાંત, સુરત પ્રથમ માળ, તાલુકા સેવા સદન, ઓલપાડ, હાથીસા રોડ, ઓલપાડ, તા.ઓલપાડ, જિ.સુરત સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરીને અપીલ રાહે દાદ માંગી શકે છે. અને તેની સામે બીજી અપીલ માહીતી આયોગ સમક્ષ કરવાની રહે છે. નાયબ કલેકટર, ઓલપાડ પ્રાંત, સુરત સમક્ષ પાસેથી મેળવવાની માહીતી પુરી પાડવામાં ઈન્કાર કરવામાં આવે તો તેની સામે મહે.કલેકટરશ્રી સુરત સમક્ષ પ્રથમ અપીલ કરવાની રહે છે. આ કાયદા તથા તે હેઠળની નિયમોની જોગવાઈઓ ધ્યાનમાં રાખીને દરેક કચેરીઓએ તેમના હસ્તકની રોજ બરોજની કામગીરીની પ્રાથમિક માહિતી લોકઉપલબ્ધ કરાવવાની રહે છે. તે મુજબ નાયબ કલેકટર, ઓલપાડ પ્રાંત કચેરી સુરતની ઉપલબ્ધ માહિતી લોકઉપલબ્ધ કરાવવામાં આવે છે.

આ પુસ્તિકાથી ઉપરોકત **માહિતી મેળવવાનો કાયદો-૨૦૦૫** ની જોગવાઈઓને અનુરૂપ, નાયબ કલેકટર કચેરી ઓલપાડ હસ્તકની રોજ બરોજની કામગીરી તથા આ કચેરી હસ્તકના જુદા-જુદા કાયદા તથા વિનિયમો યોજનાઓ તથા લોકહીતની કામગીરીને લગતી માહિતી સરળતાથી મળી રહે તથા આવી માહિતી નાગરિકોને